# -: જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૭૩/૨૦૧૭
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.તા.૧૮.૧૧.૨૦૧૭

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ તા.૧૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૩/૧૧/૨૦૦૭ ના પત્ર ક્રમાંક : ૪૬૪/૬/૨૦૦૬/ પીએલએન-૧ થી ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવા આવતાં તેઓની સાથે આવતાં વાહનોના કાફલા તેમજ ટોળાના કારણે ચૂંટણી અધિકારીઓને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મુશ્કેલી પડતી હોઇ જેના નિયંત્રણ માટે સુચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે વાહનો લઇને આવતા ઉમેદવાર સાથે ઉમેદવારી ફોર્મ ભરવા આવનાર પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)બી,સી થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ઉમેદવાર અને તેઓના ટેકેદારો ત્રણથી વધુ વાહનોનો ઉપયોગ કોન્વેયમાં કરી શકશે નહિ.

(૨) ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટરની ત્રીજ્યામાં કોઇપણ વાહન લઇ જઇ શકાશે નહિ તેમજ ઉમેદવાર સહિત ટેકેદારો પાંચથી વધારેની સંખ્યામાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીના કક્ષમાં પ્રવેશ કરી શકશે નહિ.

આ બાબતે વાહન અંગેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં પાડવામાં આવશે.

આ હુકમ તા.૨૦/૧૧/૨૦૧૭ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૭/૧૧/૨૦૧૭ નાં કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧(બી)૪,૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને, લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દુરદર્શન દ્વારા કરવાની રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ૧૮ માહે નવેમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.